વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૩ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ફેબ્રુઆરી - ૬, ૨૦૧૮

# જીન્સ પેન્ટમાંથી હાથના મોજાં
# એક જીવતી જાગતી સપ્લાય ચેઈન

સિલાઈની ધંધા સમિતિનો હેવાલ આપતાં મુખ્ય સંગઠક જૈતૂનબેન એક મંગલાબેનનું બયાન વાંચી સંભળાવે છે તે આ છે.

મારું નામ મંગલાબેન શિવાજી યાદવ છે. અગરબત્તી કામદાર છું. હું પહેલા વિરાટનગરમાં રહેતી હતી અને અગરબત્તી બનાવતી હતી. ૭૫ પૈસા, ૧ હજાર અગરબત્તીના હતા, ત્યારની જ આ કામ કરતી હતી. ૧૨ વર્ષ વિરાટનગરમાં રહયા પછી અમે વિનોબાભાવેનગરમાં રહેવા આવ્યા. ત્યાં મારા પતિ ગુજરી ગયા. આજે ૬ વર્ષ થઇ ગયા.

જૈતૂનઃ કેટલા વર્ષથી નગરમાં રહો છો ?

૨૫ વર્ષથી નગરમાં રહું છું. મારે ૩ છોકરીઓ અને એક છોકરો છે. ૩ છોકરીઓનાં લગ્ન કરી દીધા છે. મેં મારી છોકરીઓના લગ્ન અગરબત્તીની કમાણી ઉપર જ કર્યા છે. હું અહીયા નગરમાં રહેવા આવી ત્યારે અહીયા કશું જ હતું નહી. હું જે શેઠીયાને ત્યાં અગરબત્તી બનાવતી હતી, એમને વાત કરીને નગરમાં અગરબત્તીનો માલ લાવીને ૪-૫ છોકરીઓને બેસાડીને અગરબત્તીનું કામ આપતી. નગરમાં સૌથી પહેલાં અગરબત્તીનું કામ મેં શરૂ કરેલું. પછી બધા બહેનો અગરબત્તીનું કામ કરતાં થયા. નગરમાં અગરબત્તી અને ઘરે બેસીને સિલાઇનું કામ ચાલતું હતું. પણ આ ચાર વર્ષથી અગરબત્તીનું કામ સદંતર બંધ થઇ ગયું છે. મશીન ઉપર અગરબત્તી બનતી થઇ ગઇ એટલે ઘરખાતા કામદારોને કામ મળવાનું બંધ થયું. અમે પણ અગરબત્તીનું કામ બંધ કરી દીધું. પછી નગરમાં મેં સિલાઇ કામ કરવાનું શરૂ કર્યું. કોઇના બ્લાઉઝ સીવું તો કોઇના કપડાં સીવીને મારું ગુજરાન ચલાવતી હતી. ને આજે ચાર વર્ષથી મોજા સીવવાનું કામ કરું છું.

અમારા નગરમાં આજે આઠ વર્ષથી મોજાં સિવવાનું કામ ચાલે છે. આ મોજાં કેમ બને તે કહું. જે જૂની જીન્સ પેન્ટો હોય તેને ફાડવાના અને મોજાં બનાવવા કટીંગ કરવાનું એને પછી સિવવાનું. આપણે ત્યાં ઘરમાં અને બહાર પણ જોઈએ તો, જૂની ફાટી ગયેલી જીન્સ પેન્ટો કાઢી નાંખીએ છીએ અને આ જૂની ફાટેલી જીન્સની પેન્ટમાંથી હાથનાં મોજાં બને છે! આ મોજા બનાવનાર બહેનો વિનોબાભાવેનગરમાં છે.

સિલાઈની ધંધા સમિતિમાં વિનોબાભાવેમાંથી ૫ આગેવાનો પોતે બનાવેલાં મોજા સાથે લાવ્યા હતા. જીન્સની પેન્ટો

ફાડી, કટીંગ કરીને મોજા બને છે. એ ખરું પણ, આ કામ એક બેન નથી કરતી હોં, એની આખી સાંકળ છે...

પહેલાં, કારખાનામાંથી ૫૦ કિલોની ગાંસડી લાવવાની. એમાં જીન્સ પેન્ટના નીચેના પૈચાં જે હોય છે એને ફાડવાના. આ ૫૦ કિલોની એક ગાંસડી ફાડવાના ૫૦ રૂા. કોન્ટ્રાક્ટર આપે. ૧ દિવસમાં ૧ ગાંસડી થઇ શકે. એમાં ઘરના છોકરાઓ પણ કામ કરાવે. આ ફાડેલા પેન્ટો પાછા માલિક/કોન્ટ્રાક્ટરને આપી આવીએ. પછી આના મોજાં કટીંગ કરવા માટે બીજા બહેનો લઇ જાય. મોજાંનાં પંજાના જુદા-જુદા ભાગોનું કટીંગ કરવાના એટલે દૈનિક એક મોજાનાં કટીંગમાં પંજાનું, અંગૂઠાનું, આંગળી અને પટ્ટીનું કટીંગ થાય. અને તેની ગણતરી જોઇએ તો, ૧૦૦ મોજાના કટીંગના ૩૦ રૂ. મળે. જેમાં અંગૂઠાના કટીંગના ૩ રૂ., આંગળીના કટીંગના ૭ રૂ., પટ્ટીના ૫ રૂ. અને પંજાના ૧૫ રૂ. મળે.

આ મોજાં સીવનાર બહેનો પહેલાં અગરબત્તી બનાવતા હતાં અને અગરબત્તીનું કામ બંધ થઇ ગયું તો આ પેન્ટો ફાડવાનું કામ કરતા થયા પછી ત્યાં જે સીલાઇવાળા બહેનો શહેરના વિકાસનાં કામોના લીધે સ્થળાંતરિત થઇ અહી નગરમાં વસ્યા હતા. એમને શહેરમાં સિલાઇનો માલ લેવા-જવામાં તકલીફ પડતી હતી. એટલે એ કામ બંધ કર્યુ. પછી આજુ-બાજુવાળાના બ્લાઉઝ, સલવાર, ટોપ, ડ્રેસ ઓછી આવક મળે તો પણ સીવતા હતા. આ કારખાના ૮ વર્ષથી ખુલ્યા છે. પણ અમે ૩-૪ વર્ષથી આ મોજાં સીવવાનું કામ કરીએ છીએ. અમોને અમારા ઘરની નજીકથી કામ મળી જાય છે એટલે જ. બાકી અહિં અમારું શોષણ છે તે અમે નથી સમજતા એવું નથી.

એક બહેન ૩૦૦ મોજાનું કટીંગ કરે ત્યારે ૯૦ રૂ. દૈનિક કમાઇ શકે. સવારના ૧૦ વાગ્યાથી કામે ચઢે તે બપોરના દોઢ સુધી. પછી બપોરના અઢી વાગ્યાથી જમીને કામ શરૂ કરે, તે રાતનાં આઠ સુધી ચાલે.. આમ, રોજના સાડા દસ કલાક કામ કરે ત્યારે ૯૦ રૂ. હાથમાં આવે. આ તો જુવાન કામદારોની વાત થઇ. ૪૫થી ઉપરની ઉંમરવાળા કામદારો ૧૦૦ નંગ મોજાનું કટીંગ કરી શકે... ને ૩૦ રૂ. કમાય. છે ને કપરી મહેનત..!

કટીંગ કરે ત્યારે અંગૂઠા અને તેની બાજુની આંગળીઓમાં ભારે કાતરના લીધે કણીઓ પડી જાય. હાથની પહેલી આંગળી તો ઘણાં બધા કામદારોની બીજા વેઢાથી વળેલી જ કાયમ રહે! બીજી આંગળીઓ અને અંગૂઠાને વાળવામાં પણ તકલીફ પડે..

આ મોજાં બનાવવા પેન્ટ ફડાયા, કટીંગ થયું હવે વારો આવ્યો તે સિવવાનો.

આ મોજાં સિવવાના કામ પાછળ બીજા બહેનો પણ કામ કરે છે...

૧૦૦ નંગ મોજાં સિવવાનાં ૫૦થી ૬૦ રૂા. મળે છે.

આખા વિનોબાભાવેનગરમાં ૩૦૦૦થી વધારે કામદાર બહેનો આ મોજાં બનાવવાનું કામ કરે છે. અને આ જ કામ દિવસ-રાત કરે છે. ૨૦ ગોડાઉન તો માત્ર વિનોબાભાવેનગરમાં જ છે. અહી ટ્રકો ભરીને જૂની જીન્સની પેન્ટો આવે છે. આ માલ દિલ્હીથી આવે છે. માલની ગાંસડીઓની ગાંસડીઓ ભરેલી ગોડાઉન હોય છે. આ મોજા સિવાઇને પછી ફેકટરીઓમાં જાય છે. કેમીકલની ફેકટરીઓ, વેલ્ડીગ કામ કરે એમાં આ મોજાંઓનો ઉપયોગ થાય છે. થયું ને રિસાકલ! કોણે જીન્સ પેન્ટ પહેરી, આ વપરાયેલી જીન્સ પેન્ટ કયા પ્યાલાબરણીવાળા પાસે આવી, આ પ્યાલાબરણીવાળાએ ક્યાં વેચી, કેટકેટલી જગ્યાઓથી વેચાઇ-વેચાઇને આવી આ અમદાવાદના ગોડાઉનોમાં ને પાછી આ ગોડાઉનોમાંથી કેટલાંય કોન્ટ્રાક્ટર-સબકોન્ટ્રાક્ટર પાસે ફરતી-ફરતી આવી જીન્સ પેન્ટ ફાડવા માટે નાં કામદારો પાસે, પાછી ફાડેલી પેન્ટ ગઇ કટીંગમાં બીજા કામદારો પાસે ને પછી ગઇ સિલાઇમાં. આ પેન્ટમાં બનેલાં મોજાંનો નવો અવતાર.. આ મોજાં પાછા કોન્ટ્રાક્ટર- સબકોન્ટ્રાક્ટરની સાંકળમાં જાયને પછી જાય પાછા ફેક્ટરીઓમાં કામ કરતાં કામદારો પાસે... આ મોજાં ફેક્ટરીના કામદારો માટે નકામાં થતાં હશે. ત્યાર પછી કોઇ ને- કોઇ વપરાશ તેનો થતો જ હશે. છેલ્લે તેનું સમશાન ક્યાં આવ્યું તે કોઇએ જાણ્યું નથી.

આપણાં અમદાવાદ શહેરની આ ૩૦૦૦ કામદારોથી ચાલતી આ એક ઇન્ડ્રસ્ટ્રી છે! માત્ર વિનોબાભાવેનગરમાં જ આ કામ ચાલે છે તેનું કારણ ખબર નથી. કદાચ શહેરનાં બીજા ભાગોમાં આ ગોડાઉનોમાંથી માલ મોકલવા -લેવાનાં ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચો ભારે પડતો હોય. અથવા કદાચ ખબર નથી વિનોબાભાવેને આજની સર્વોદયની પરિસ્થિતિનું દર્શન કરાવવા...

આ ઘરખાતા કામદારોની કેટલી ઓછી આવક ને કેટલી મહેનત...! ઘૂમતી-ફરતી જીન્સ પેન્ટના મોજાં બને તે જ જીવતી જાગતી સપ્લાય ચેઇન...

**- જૈતૂન**

❑

# અહિં રમકડાં ફટાકડા બની ફાટયા

## શોકાંજલિ

બાવના, ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર સ્થિત નોર્થ દિલ્હીની ફેક્ટરીમાં આગ લાગવાથી ૧૭ નિર્દોષ કામદારો એ પોતાની જાન ગુમાવી. અકાળે મૃત્યુ પામ્યા. તેઓને શોકાંજલિ સિવાય બીજું શું આ સમાજ આપી શકશે? આ બનાવ ૨૦.૧.૨૦૧૮ના રોજ બન્યો. છાપામાં વાંચ્યું. આ ફેક્ટરીના માલિકોએ ફેક્ટરીનું લાયસન્સ રમકડા બનાવવા માટે લીધેલું પણ હકીકતમાં અહી ઉત્પાદન ફટાકડાઓનું થતું હતું અને તેનું વેચાણ ''ઓનલાઈન'' થતું હતું. આ ફેક્ટરી પાસે ફાયર સેફ્ટી ક્લીયરન્સ ન હતું કે ન હતાં આગ લાગે ત્યારે રક્ષણ થાય તેવાં સાધનો. ઉપરાંત, ફટાકડા બનાવવાનું લાયસન્સ પણ ન હતું! અહી ફેક્ટરીમાં પ્રવેશવા અને ફેક્ટરીની બહાર નિકળવા માટે એક જ જગ્યા હતી. તકલીફવાળા સમયે બહાર નિકળવાની માટે 'રેર એક્ઝીટ' કાયમ માટે બંધ કરેલી હતી.. આવાં સમાચાર છાપામાં વાચ્યાં.

ફેક્ટરીઝ એક્ટ ના નિયમો કે પછી સેફ્ટીના ધારા-ધોરણો બાજુ પર મૂકીને ફટાકડાં બનાવતી આ ફેક્ટરીનાં માલિકો ખરેખર કામદારોનાં જીવના જોખમને ગણકાર્યા વગર જ ફેક્ટરી ચલાવતાં હતાં અને ગરીબ-શ્રમજીવીઓ પોતાના કુટુંબો બે ટંકનો ખાડો પૂરવા આવું જોખમ ખેડીને જીવને ગણકાર્યા વગર રાત-દિવસ કામ કરતાં હતાં...

આ કામદારોનાં પરિવારોને વળતર હજુ મળ્યું નથી. દિલ્હી સ્થિત રાષ્ટ્રીય યુનિયન આ મળે તે માટે કામ કરી રહયાં છે. . હવે શરૂ થયો છે ખે...

દિલ્હી સ્ટેટ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમિટેડ, નોર્થ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન, લેબર ડિપાર્ટમેન્ટ, ફાયર ડીપાર્ટમેન્ટ બધાએ એકબીજા પર દોષ નો ટોપલો ઢોળી રહયા છે...

દેશની આઝાદીને આજે ૬૯ વર્ષ થયાં અને કાયદા ના અમલી કરણમાં જ આટલી વિસંગતતાઓ હોય, કે કામદારોનાં જીવ જાય તેટલી હદ સુધી અમલીકરણ ના હોય તો તે કેવી સલામતી કહેવાય ?!

- **મનાલી**

❑

# ''ગ્રાસરૂટ'' બ્રાન્ડના લેડી ભચીબેન...

આજે ન્યુયોર્કમાં ચાલતા જોવું તો દર બોર્ડ ઉપર ફોટો લાગે કે આતો ''ભચીબેન'' છે. વૌવા ગામના!! પાસે જઈ જોયું તો હા સાચે જ આપણા ભચીબેન 'સેવા ઉન્નત બજાર'ના સભાસદોની બેનમુન કારીગરી પહોંચી ન્યુયોર્કના મેનહેટ્ટન ! ક્યારેક પાછલાં વર્ષોની યાદ કરું કે, ૧૯૮૬-૮૭માં તે વખતના બનાસકાંઠા જિલ્લાના સાંતલપુર અને રાધનપુર તાલુકાના ગામોમાં સંગઠનની શરૂઆત કરી હતી... આ બધાં રણકાંઠાના ગામો.

ગામની બહેનો મોટે ભાગે હાથ ભરતનું કામ કરે. શ્રેષ્ઠ હાથ કારીગરી હોવા છતાં બહેનોને તેમના કુટુંબોને વર્ષો વર્ષ સ્થળાંતર કરવું પડતું. ગામોના ગામો ખાલી થઇ જતાં.

તે વખતે કારીગરીને રોજગારીમાં કઈ રીતે ફેરવવી તે બીડું ઝડપ્યું. પહેલાં તો આ કારીગરીની બજાર જાણવી, સમજવી ને તે મુજબ ગામડાંની બહેનોને સંગઠિત કરવી, કારીગરીની બજાર સમજાવવી, તે મુજબ કામની ગોઠવણ કરવી. આજે ત્રણ દાયકાની સફર કાપી ને 'સેવા ઉન્નત બજાર' આ ૧૫ હજાર કારીગરોની એક કંપની ધમધમે છે.

છેલ્લા ૧૫ વર્ષથી એક પણ ગ્રાન્ટ એટલે કે દાન લીધા વગર પોતાના પગ ઉપર ઉભી રહી છે. 'હંસીબા' તેની બ્રાન્ડ છે. ૧૯૮૬-૮૭ માં વૌવા ગામથી કારીગર બહેનોને સંગઠિત કરવાનું શરુ કર્યુ હતું. પહેલાં પાંચ બહેનોમાંના એક ભચીબેન ભુરાભાઈ, પૂરા પાંચ ફૂટ નવ ઈંચ ઊંચા, સીધા સોટી જેવા.

'સેવા ઉન્નત બજાર' એ ભારતના ખ્યાતનામ ડિઝાઈનર ''અનીતા ડોંગરે'' જોડે જોડાણ કર્યું. ગામડાંની કારીગર બહેનોની શ્રેષ્ઠ કારીગરી દેશ-વિદેશ ની બજારમાં લઇ જવા તેમણે ખાસ નવી બ્રાન્ડ લોંચ કરી જેનું નામ ''ગ્રાસરૂટ''.

''ગ્રાસરૂટ''ના લુકબુક અને કેટલોગ ના લેડી તે આપણા ભચીબેન!!! જે ન્યુયોર્કમાં સૌ કોઈ તેમને જુવે છે, તેમના વિષે જાણે-સમજે છે તે, તેમની કારીગરીને સન્માની તેના ચાહક બને છે.

ભચીબેન કહે છે કે, ''હું ૧૩ વરહ ની હતી ત્યારથી ભરતકામ કરતા શીખી. પહેલાં ઘરના અને પછી મારા કપડાં ભર્યા, કોઈ વડા નું ભર્યું હશે કોઈ વાલીનું ભર્યું હશે એમ ભર્યા કર્યું. પછી ત્યાં દુકાળ પડે તો અમે કાઠીયાવાડમાં જાઈએ, કચ્છમાં જાઈએ અને પછી ધૂળ ઉપાડીએ. એમ કરતાં-કરતાં સેવામાં જોડાણા. પહેલાં અમારા ભરેલા હતા તે અમે વેચ્યા. ચણીયો હતો એ રૂપિયા ૨૫૦ માં વેચ્યો. ૫ કમખા હતા એ

૨૫૦ માં અમે વેચ્યા. એમ કરીને કિંમતી મારા ભરત વેચી નાંખ્યા.

મા તો મારી વહેલી મરી ગઈ હતી, હું અઢી વરહની હોઈશ. મારી માસીની જોડે રહેતી. મારી મા મરી ગઈ પછી મારી માસીના ઘરે. એ થોડી અશક્ત હતી. બરાબર તે સૌને ભરતભરી આપે તે પહેલાં ખબરિયા ભરાઈ જાય ઓછા ભરત ભરાય પણ મેં તો ઝીણીથી બધોય ના ભરત ભર્યા છે ભરતેમાં ને ભરતેમાં ૭૦ વરહ ની ઉંમર થઇ. મેં આ ૭૦ વરહની ઉંમર ભરતે જ કાઢી છે.''

આપડા અમદાવાદમાં નમુના નથી એ નમુના મને મનપડતા મેંમારા હાથે છાપીને બેન ને દીધા હતા આજે ઓફીસ માં મારા નમુના છે. મને મનગમતા મેં છાપીને ભરીને દીધા છે.

આ 'સેવા' તો અમે ન છોડીએ ને ન છોડીએ અમે સેવા છોડી નહિ અને આજ સુધી હજી છોડી નથી.

**- રીમા**

❑

# સર પે કાર્ટૂનવાળી ટોપી...

અમદાવાદ શહેર બદલાતું જાય છે તેમ તેની સાથે સંકળાયેલા અસંગઠિતક્ષેત્રના ધંધાઓમાં પણ બદલાવો આવતાં રહે છે. આજે જે વાત કરવી છે તે સિલાઇ કામ કરતા બહેનોની છે. જેમાં હવે દિવસે દિવસે વધ-ઘટ થતી જાય છે. હમણાં આ કામમાં પણ તેજી મંદી- વર્તાતી રહે છે. આ મંદીમાં ઘણા બહેનોએ ધંધો બદલી નાખ્યો છે. જેમ દિવસ જાય તેમ નવી નવી પેટર્ન સિલાઇમાં આવતી જાય છે અને જે ડિઝાઇનિંગ સિલાઇ કામ કરી શકે તેમનું કામ ચાલે ને જે સાદી સિલાઇ કરતાં હોય તેમનું કામ બંધ થઇ જાય. તો બેનો કરે શું ? વળી જે ઘરે બેસીને છુટક સિલાઇ કામ કરતાં હોય તેમને તો જે થોડુ ઘણું સાંધા-સુંધીનું કામ મળતુ હોય તે પણ છૂટી જાય. કેમ કે થોડી મંદી આવે કે તરત એ બેનો છુટક કામ શોધવા લાગે ને બીજા જુદા-જુદા ધંધામાં જોડાઇ જાય. આવું જ આપણાં સભ્ય ગૌરીબેન તુલસીભાઇનું પણ છે. ગૌરીબેન ૧૦ વર્ષથી સેવા સાથે જોડાયેલા છે. વર્ષોથી સિલાઇ કામતા ને હમણાં ૩ વર્ષથી બર્થ ડે ટોપી બનાવવાનું કામ કરે છે.

આજે હું ને ગીતાબેન સાથે મળીને અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહેતાં ગૌરીબેનના ઘરે ગયા. ઘરની અંદર જતાં તો રંગ બે રંગી નઇત- નવા કાર્ટૂન વાળી ટોપીનો મોટો ઢગલો દેખાયો. એવું લાગે કે જાણે આપણે કોઇ કાર્ટૂનની દુનિયામાં આવી ગયા! કોઇ ઢીંગલીવાળી ટોપી, જોકરવાળી, ડોરેમોન, છોટાભીમ, ટેડીબીઅર વાળી અને સ્પાઇડરમેન વાળી અને સિલ્વર કલરના ચશ્મા ટાઇપની ટોપીઓના ઢગલે ઢગલા...

હાલમાં બાળકોની પસંદગી પ્રમાણેના જે ટીવી પર કાર્ટૂન આવે છે ને તેવા કાર્ટૂનના પ્રિન્ટવાળી ટોપી જોઇને તરત જ લેવાનું મન થઇ જાય.

ગૌરીબેન અમને જોઇને હરખાતા મોઢે કહે, આવો બેનો આવો બેસો બેસો. કામ કરતાં-કરતાં ઉભા થઇને અંદરથી પાણી લઇ આવ્યા ને અમને આપ્યું. ગીતાબેન કહે, તમે તો નવરાં જ નથી પડતા ને ? હમણાથી સેવામાં આવવાનું ભુલી જ ગયા છો ને ? ગૌરીબેન કહે ના-ના બેન એવું નથી આ જુઓને હમણાંથી ટોપીનું કામ એટલું આવે છે ના પૂછો વાત. આ કામ કરીએ ને તે દિ ક્યા જાય છે એ જ નથી ખબર પડતી ને ! આ જયારે શેઠ માલનો ટેમ્પો મોકલી આપે ને થોડા દિવસમાં માંગે એટલે માલ પુરો કરીને મોકલાવવાનો હોય એટલે હમણાં ક્યાંય જઇ શકાતું.

મે કહયું, ગૌરીબેન તમે આના પહેલા શું કામ કરતા હતા તો કહે કે સિલાઇ કામ કરતી હતી. ને હવે તો ઘરે ઘરે પોતાના મશીન આવી ગયા છે. એટલે અમારા પાસે કોણ સીવડાવે ? સિલાઇનું કામ ઓછું થઇ ગયું એટલે મેં બહારથી તોરણ સીવવાનું કામ શરૂ કર્યુ. આ તોરણમાં સાત પાંદડા આવે તેને સિલાઇ કરીને જોડવાના ને તેના ફરતે ઝીણી સોનેરી દોરી જેવી લેસ લગાડવાના એક નંગનો ૧ રૂપિયો ભાવ મળતો. એમાં પણ મહેનત એટલી ને વળી મશીન અને દોરા પણ ઘરના વાપરવા પડતાં એટલે બહું મોઘું પડતું હતું. વળી, રોજ બરોજ નવી-નવી ડિઝાઇનનાં તોરણ આવે ને ભાવ તો એનો એ જ રહે! વેપારી કામ આપે પણ, ભાવ વધારવામાં તો સમજે જ નહી ને! એટલે, એ કામ બંધ કરીને ટોપી બાનવવાનું કામ શરૂ કર્યુ.

આ કામમાં મહેનત તો છે જ પણ એટલી હૈયા વરાળ નથી એટલે સારું પડે છે. ટોપીના કામમાં મારા સાસુ ને દીકરી પણ મદદ કરે છે. ઘરવાળા ફર્નિચરનું કામ કરે છે એ દુકાન જાય ને મારી દીકરી-દીકરો કૉલેજ જાય એટલે ઘરકામમાંથી પરવારીને ટોપી બનાવવા બેસી જઉ. મારા પાડોસમાં રહેતાં રેખાબેન અને મીત્તાબેન પણ ટોપી બનાવવા લઇ જાય છે.

ગૌરીબેન તો અમારી સાથે વાત કરતા જાય ને ફટાફટ ટોપીમાં સ્ટેપ્લર વડે હાથ લગાડવાનું કામ કરે ને એના પર તેમના સાસુ સેલો ટેપ લગાડવાનું કામ કરે. બાકી રહયું રબર

બાંધવાનું કામ તો ગૌરીબેન કહે એ તો મારી દીકરી-દીકરો કરે છે.

તેમની દીકરી દિવ્યાને મે કહયું કે તમને કેમ આ કામ કરવું ગમે છે? તો કહે છે, અમને તો આ રમત કરવાની મજા આવે છે. ભણતાં- ભણતાં જો થોડો થાક લાગ્યો હોય તો થોડી વાર ટીવી જોતા રબર બાંધવા બેસી જઈએ. અમે સાથે-સાથે કામ કરીએ તો એમાંથી ભણવાની ફી નિકળી જાય ને ?

લ્યો હવે આ પાછી કેવી નવી વાત આવી. કામની સાથે બાળકોને બધા વાતો કરતા જવાનું ને કામ કરતાં જવાનું. એકદમ દોરી જેવું લાગતુ રબર ને તેના પર જ આ ટોપીનો આધાર રહેલો છે. જો આ રબર ના લગાવેલુ હોય તો ટોપીને પહેરવાની મજા ના આવે હોં!

એક માપ પ્રમાણેના ટુકડા કરીને રબર રાખે ને પછી તેન બાંધીને ટોપી તૈયાર થાય તેનો ઢગલો કરીને મુકે છેલ્લે ૬-૬ નંગનું પેકિંગ કરવામાં આવે છે. અલગ અલગ ડિઝાઈનના ૨૦ -૩૦ ના બંડલ તૈયાર કરી પેક કરવામાં આવે છે.

મેં પૂછયું કે તમે દિવસની કેટલી ટોપી બાનવી લો છો ? તો કહે કે, ૫૦૦ નંગ જેટલી ટોપી બનાવી લઉં છું. ૫૦૦ નંગના ૬૦/- રૂપિયા મળે.

ટોપી બનાવવાનું કાચું મર્ટીરિયલ એક સાથે ૫૦ હજાર જેટલી ટોપીનો માલ શેઠ મોકલી આપે છે. એમાંથી ૧૦ હજાર જેટલી તૈયાર થાય એટલે હું ફોન કરી દઉં એટલે શેઠ મંગાવી લેતા હોય છે.

આ તો કાંઇ ગૌરીબેન એકલાંની વાત નથી આવા તો અનેક ગૌરીબેન શહેરમાં રહે છે જે આવું કામ કરે છે. જે આ કામ કરે છે પણ, ભાવ વધારે નથી મળતા. જ્યારે શહેરીજનો પોતાનાં બાળકોની વર્ષગાંઠ ઉજવતાં હોય છે ત્યારે આ ટોપી કોણે બનાવી ? ક્યાં બની ? એને વિચાર આવતો હશે ? આ બાળકો માટેની ટોપીઓ બનાવવામાં બીજાં શ્રમજીવીઓનાં બાળકો નો ય ફાળો છે. એ ખબર હશે ? અને હા, સરકાર ક્યારે આવા કરોડો અદશ્ય કામદારો ને ઓળખશે અને તેમને દશ્યતા આપશે ? અરે, આ ટોપી બનાવનારના બાળકોને શિષ્યવૃતિ મળે તોંય સારું!

**- ગોમતી**

❑

# આનંદો, વેચનાર અને વાંચનાર ! અઠવાડિક પુસ્તક બજાર દરિયાગંજ, દિલ્હી

દરિયાગંજમાં આવેલ રવિવાર પુસ્તકબજાર ૫૦ વર્ષથી પણ વધારે જૂનું ઈતિહાસ ધરાવતુ ઐતિહાસિક બજાર છે. ૧૮૬૪ માં શરૂ થયેલ આ દેશનું દરેક ચોપડીનું એક માત્ર બજાર છે અને જે ભારતના હેરીટેજમાં મહત્વનું સ્થાન ધરાવે છે. લગભગ ૨૫૦ વેચનારાઓ આ પુસ્તક બજાર દ્વારા પોતાની આજીવીકા મેળવે છે અને તેમને દુર્લભ અને પોસાય તેવી નવલકથા, મેગેઝીન, જીવન ચરીત્ર, કાલ્પનીક અને બીન સાહિત્ય જેવી ચોપડીઓ દ્વારા તેમના વાંચવાના ઉત્સાહને જાળવી રાખે છે. આ બજાર સંપૂર્ણ કાયદેસર રીતે કામ કરે છે અને બજાર તરીકે માન્યતા ધરાવે છે. તેમ છતાં આ પુસ્તકબજારમાંથી પણ વારંવાર વેચનારાઓને આ બજારમાંથી બહાર કાઢવામાં આવે છે, સતામણી અને ગેર વસૂલી કરણનો સામનો કરવો પડે છે. વર્ષ ૨૦૧૮ નું નવું વર્ષ દરિયાગંજના વેચનારાઓ માટે સારૂ રહયું નથી કેમકે, ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ વર્ષનાં છેલ્લા રવિવારે પહેલેથી જાણ કર્યા વગર ચોપડીઓ વેચવા માટે ના કહેવામાં આવી, એમનો માલ-સામાન વગર ચલણે જપ્ત કરી દેવામાં આવ્યો. આકસ્મિક રીતે બનેલ આ બનાવનું કારણ જાણવા માટે એમ.સી.ડી., સેવા દિલ્હીની સાથે પુસ્તકબજાર એસોસિએશનનાં સભ્યો સ્ટેક હોલ્ડરને મળવા ગયા. અધિકારીઓની મીટીંગ દરમ્યાન અમને જણાવવામાં આવ્યું કે, તેમને ફરીથી મંજુરી આપવામાં આવશે તેવું શકય નથી કારણ કે સરકાર દ્વારા જુની દિલ્હી વિસ્તારમાં આવેલ બધા દબાણને હટાવવામાં આવી રહયાં છે.

સેવાએ તાત્કાલીક ધોરણે કોર્પોરેશન દ્વારા પુસ્તકબજારને પ્રાદેશિક બજાર તરીકે આપવામાં આવેલ ઓળખનાં બધા પુરાવા સાથે મ્યુનીસિપાલટી કોર્પોરેશન વિભાગને જમા કરાવ્યા.

સમયાનુંક્રમિક સાબિતી સાથે પુસ્તકબજારને ફરીથી સ્થળાંતર થતા બચાવ્યું.

સેવાએ તેમના સભ્યોની દુર્દશાને બચાવવા માટે દિલ્હીનાં મુખ્ય અઠવાડિક બજાર જેમાં પુસ્તકબજારમાંથી જે સભ્યો પોતાની આજીવિકા મેળવે છે તેમના માટે “ભારતનાં માનનિય સુપ્રિમકોર્ટનો એક ઐતિહાસિક સિમાચિહ્નરૂપ કેસ ‘સુધિરમદનની સાથે એમ.સી.ડી અને અન્ય’ ને આધાર બનાવ્યું.”

૧૭-૦૫-૨૦૧૭ ના રોજ “માનનિય સુપ્રિમકોર્ટે તેમના

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭


## ખુશ ખબર

'સેવા' બેંકમાં જે બહેનો બચત નિયમિત કરે અને લોન નિયમિત ભરે. પોતાના ઉદ્યોગ ધંધા વિકાસાવે તેવી ઉદ્યોગ સાહસીની બહેનોનું સન્માન કરવામાં આવ્યું છે. સેવાબેંકની બહેનોના ઉદ્યોગ ખૂબ જ મોટા થયા છે. જે ઓને ધંધાના વિકાસ માટે વધુ મૂડીની જરૂર પડે છે તો તે માટે સેવા બેંક આવી બહેનોને મોટા ધિરાણ માટે બેંકના નીતિ નિયમ મુજબ મદદરૂપ થશે તો તેઓ એ બેંકની નજીકની શાખામાં સંપર્ક કરવો. વધુ માહિતી માટે સાકાર-૨માં કેયુરીબેન પટેલને મળવું.




સરકારના આદેશ અનુસાર આપના બેંક ખાતા સાથે આપનું અધાર કાર્ડ જોડવું અનિવાર્ય છે. આધાર કાર્ડ લિંક કરવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ, ૨૦૧૮ છે. તમામ મનવંતા ગ્રાહકોને જણાવવાનું કે પોતાના આધાર કાર્ડ, પાન કાર્ડની કોપી લઈ નજીકની શાખાનો તુરંત સંપર્ક કરવો.

ચુકાદામાં કહયું કે,"આપણે જોઈ શકીએ છીએ કે આજના સમયમાં વાંચનારાઓની ઓછી સંખ્યા અને પુસ્તકોનાં ભાવવધારાની પરિસ્થિતિમાં આ અઠવાડિક પુસ્તકોનાં વેચાણનો વિચાર ઉપયોગી સૂચન બની શકે છે. આવા બજારથી વાચકોને ઓછા ભાવે પુસ્તકો ખરીદવા માટે પ્રોત્સાહન મળશે જેનાંથી પુસ્તકો રૂમમાં પડી ના રહેતા લોકો તેને વાચંશે."

એમ.સી.ડી. તરફથી વેચનારાઓ માટે રાષ્ટ્રીય પોલિસીનાં આધારીત યોજનાઓને મંજુર કરવા માટે એમ.સી.ડી. એ એક એફિડેવીડ ફાઈલ કર્યુ અને ૨૦૦૭માં યોજનામાં સુધારો આવ્યો. અઠવાડિક બજારની પોલીસીની અંદરમાં આવતા કલોઝ ચારમાં તેનો ઉલ્લેખ આપેલ છે. "સ્વાભાવિક બજારને સમ્માન આપવામાં આવશે ઉદાહરણ સ્વરૂપ દરિયાગંજનો અઠવાડિક પુસ્તક બજાર જે વાંચનારને સસ્તા ભાવે પુસ્તક ખરીદવાની તક આપે છે."

૨૦૦૯ માં ઝોન પ્રમાણે અઠવાડિક બજારની લીસ્ટ તૈયાર કરવા માટે દિલ્હીમાં એક સ્ટેન્ડીંગ કમીટીની રચના કરવામાં આવી. શહેર ઝોન લીસ્ટની અંદર "દરિયાગંજ પુસ્તક બજારનો ઉલ્લેખ છે" ૨૨૭ અઠવાડિક બજારની લીસ્ટ સ્ટેન્ડીંગ કમીટી દ્વારા તૈયાર કરવામાં આવી.

રવિવાર પુસ્તક બજારમાં વેચાણ કરતા જે વેચનારાઓ નક્કી કરેલ રકમ એમ.સી.ડી. આપે છે. અને ગુલાબી કલરની પાવતી(૨૦૦૭ નાં સર્વેમાં આપેલ પાવતી) અને ૧૯૮૦ની જૂની પાવતીનો રેકોર્ડ પણ છે.

ઘણાં બધા વરિષ્ઠ અધિકારીઓ, લેખકો આ બધાએ ઈતિહાસ અને બજારનો મહત્વનો ઉલ્લેખ કર્યો છે. પ્રસિધ્ધ લેખક અને રાજકરણી ખુશવંતસિંગજી ને પણ પુસ્તકપ્રેમીની આ ધરોહર અને મહત્વતાની વાત કરી છે. અને આ સમયમાં પણ ડીજીટલ બુક ઈન્ડિયા તેમને મદદ કરવા તેમન તરફેણમાં આવી.

તેમ છતાં ૩૧ ડિસેમ્બર ૨૦૧૭નાં રોજ વેચનારાઓને કોઈ અગાઉથી જણાવ્યા/નોટીસ વગર વેચવાથી રોકવામાં આવ્યા. વેચનારાઓની ૨૦૦૪ના એક્ટની જોગવાઈઓ(આજીવિકાનું રક્ષણ અને વેચાણની નિયમિતતા) વેચનારાને બહાર નીકાળવા સામે રક્ષણ આપે છે. સેકસન ૧૮ કલોઝ-૩, પુરૂ પાડે છે કે, કોઈ પણ જગ્યાની બહાર કાઢતા પહેલા અને વેચનારાઓના સ્થળાંતર પહેલા અગાઉથી નોટીસ આપવી જોઈએ.

એક્ટના પહેલા તબક્કામાં નિશ્ચત રૂપે કલોઝ ૩ નાં હેઠળ લખ્યું છે કે, "કોઈ પણ ઉપસ્થિત/કાર્યરત બજાર અને સ્વાભાવિક બજાર જેને સર્વેમાં લીધેલ છે એને "નો વેન્ડિંગ ઝોન" તરીકે જાહેર ના કરાય." પરંતુ કાયદા ઘડાયા પછી દિલ્હીમાં આવુ કોઈ સર્વે અત્યાર સુધી પુરૂ થયું નથી, તેથી વેચનારાઓને કલોઝ-૩ઈ હેઠળ સુરક્ષા મળે છે તથા એવું જણાવવામાં આવ્યું છે કે "એવા સમયમાં જયારે કોઈ પણ સર્વે કરવામાં આવ્યું નથી અને શેરી વેચાણની કોઈ પણ યોજના બનાવવામાં આવી નથી. ત્યાં સુધી કોઈ પણ ઝોનને નો વેન્ડિંગ ઝોન જાહેર ના કરી શકાય."

અંતે બીજું કલોઝ ૨-બી,(viii) જણાવે છે કે, "આવી પરિસ્થતિમાં જયાં બજારમાં પચાસ વર્ષથી પણ વધારે ઐતિહાસિક પુરાવા હોવાથી આ બજારને હેરીટેજ બજાર જાહેર કરવું જોઈએ અને વેચનારાઓને આ બજારમાંથી ખસેડવા જોઈએ નહિં."

વૈધાનિક/કાનૂનિ અને દસ્તાવેજી પુરાવાને જોઈને દરિયાગંજના પુસ્તક બજારને કોઈ પણ પ્રકારની અડચણ અને ગેરકાયદેસરતા વગર એમ.સી.ડી. એ બજાર ચલાવવાની પરવાનગી આપી મદદરૂપ થવાની ખાત્રી આપી અને સંસાધનો ઉપલબ્ધ કરાવીને દરિયાગંજ પુસ્તક બજારને દિલ્હીનું એક સુંદર હેરીટેજ બનાવવામાં મદદ કરશે.

સભ્યો ખુશ છે અને ઉત્સાહિત છે અને એવી ઈચ્છા ધરાવે છે કે એક દિવસ બજારને દિલ્હીનાં નકશામાં હેરીટેજ બજાર તરીકે ઓળખાશે. દરેક વેચનારને ત્યાંથી કોઈપણ પ્રકારનાં હટાવવાનાં ભય વગર સુરક્ષિત રોજગારી મળી શકે. બજાર સંઘે પણ ખાતરી આપી છે કે બજારને સુંદર અને વ્યવસ્થિત કરવા માટે શકય પ્રયાશો કરશે.

**- અંકિતા**

સેવા દિલ્હી

❑

# સેવા સમાચાર

'સેવા' જમ્મુ-કાશમીરનાં અંતરીયાળ વિસ્તાર આંતકના ઓછાયા હેઠળ જીવતી કુપવારા અને ગાર્ધબલ જિલ્લાનાં ૨૫ સભ્યોનાં બીજા જુથે ભારત દર્શન હેઠળ રાજસ્થાનની મુલાકાત લીધી જે આતંકના ઓછાયા હેઠળનાં વિસ્તારમાં રહેતા બહેનોને આજીવિકાને જોડવાનું તેમજ શાંતિ અને સલામતી સ્થાપવાનું કામ કરી શકે છે.

'સેવા' ડુંગરપુરની કામગીરી જોતાં બહેનોએ કહયું કે આદિવાસી જાતિ વિશે ટીવીમાં જોયેલું છે પરંતુ જયારે તે

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20 Issued by S.S.P. Valid up to 31-12-2020.**

**Ahmedabad P.S.O. 6-2-2018**

બહેનોને મળ્યા તો લાગ્યું કે તેમની જીવનશૈલી કેટલી અઘરી છે...

કાશમીરમાં બહેનો મહેનતના કામ કરે. પણ ડુંગરપુરના બહેનો પાણીનાં ટાંકા, હેન્ડપંપ રીપેરીંગ, વરસાદી પાણીનાં ટાંકા બનાવવામાં કાબેલ છે. તેમને જોઈને અમને પણ શ્રમ કરીને આગળ વધવાની પ્રેરણા મળી.

જંગલી જાનવરો અમો રોજ જંગલમાં લાકડા વીણવા જઈએ ત્યારે જોઈએ પરંતુ ઉદેપૂરમાં પહેલીવાર ઉંટ જોયું અને ઉંટની સવારી કરી તો અંદરથી ડર ભાગી ગયો તેમજ ઘણી મજા આવી.

અમારા ખેતીવાડીના જૂથમાંથી અમે સફરજન સપ્લાય કરીએ છીએ. અહીં તેમની ફેક્ટરી જોઈને પ્રોસેસીંગની પ્રક્રિયા સમજવાનો મોકો મળ્યો.

ભારત દર્શન હેઠળ સભ્ય બહેનો જુદા-જુદા વિસ્તાર, રાજ્યોની રહેણી- કરણી, પહેરવેશ, તહેવારોની ઉજવણી અને સંસ્કૃતિ જોઈ એકબીજાને સમજવાનો મોકો જે મળ્યો છે તે ખૂબ મહત્વનો અને આનંદદાયી રહયો.

❑

## અનસૂયા

- ૩૬માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

***અનસૂયા*** **6-2-2018**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]